ગાંધીનગર સમાચાર

તા. ૬-૬-૨૦૧૩, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી.....

### પેટાચૂંટણીના સૂચિતાર્થ કોંગ્રેસનાં વળતાં પાણી

ઉકળાટ અને તાપથી શેકાઈ રહેલા ગુજરાતની પ્રજાએ બે લોકસભાની અને ચાર વિધાનસભાની એમ કુલ છ બેઠકોની પેટાચૂંટણીમાં ભાજપ તરફી મતદાન કરી એનો મિજાજ સ્પષ્ટ કરી દીધો છે. આ છ એ છ બેઠકો પર કોંગ્રેસનો પંજો હાવી હોવા છતાં પેટાચૂંટણીમાં એને તદ્દન વિપરીત પરિણામો જોવાવારો આવ્યો છે. જોકે પેટાચૂંટણીઓમાં સામાન્ય રીતે સત્તાધારી પાર્ટીને અનુકૂળ રહેવાનું જ શાણા મતદારો શ્રેયસ્કર માનતા હોય છે; ઉત્તરપ્રદેશ અને પશ્ચિમ બંગાળ તથા મહારાષ્ટ્રમાં સત્તાધારી પાર્ટીના જ ઉમેદવારો વિજયી નીવડ્યા છે. એથી ભાજપના કર્ણધારો માટે આ પ્રકારનો વિજય અણધાર્યો ન ગણાય. અલબત્ત, પ્રજાએ વિધાનસભાની ચૂંટણી વખતે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને બે તૃતીયાંશ બહુમતી કરતાં થોડી ઓછી બેઠકો આપી હતી એ કસર આ પેટાચૂંટણીનાં પરિણામોથી પુરાઈ જવાથી સત્તાધારી પક્ષને વિજયોત્સવ મનાવવાનો વાજબી અધિકાર પ્રાપ્ત થયો છે. પ્રણાલી મુજબ પેટાચૂંટણીમાં રાષ્ટ્રીય નેતાઓ પ્રચારકાર્યમાં જોતરવાની તસદી લેતા નથી. નરેન્દ્ર મોદીએ એ મુજબ જાતે પ્રચારકાર્યમાં જોડાયા વિના દૂર રહ્યાં રહ્યાં આ છ બેઠકોના ચૂંટણી જંગમાં પક્ષના ઉમેદવારોની જીત સુનિશ્ચિત કરી હતી, એ બાબતથી નોંધ પણ લેવી જ રહી. એથી તદ્દન ઊલટું, બિહારની મહારાજગંજ લોકસભાની પેટાચૂંટણીમાં નીતીશકુમાર જાતે પ્રચાર કરવા નીકળ્યા હતા છતાં એ બેઠક જદ (યુ)ને ગુમાવવી પડી છે. લાલુપ્રસાદ આ ચૂંટણીને 'સેમી ફાઈનલ' સાથે સરખાવીને ૨૦૧૪ની ફાઈનલ જીતી લેવાના સંકેત તરીકે ઓળખાવે છે. લોકસભાની પોરબંદર બેઠક કોંગ્રેસના ધુંવાધાર નેતા વિઠ્ઠલ રાદડિયાના કબજામાં હતી. ગત વિધાનસભાની ચૂંટણીમાં રાદડિયા પિતા-પુત્ર અનુક્રમે ધોરાજી અને જેતપુર બેઠકો પર કોંગ્રેસી ઉમેદવારો તરીકે વિજયી નીવડ્યા હતા. વિઠ્ઠલ રાદડિયાને પાર્ટીએ એમના રાજકીય પ્રભાવને અનુરૂપ મહત્વ ન આપ્યું એથી નારાજ થઈ એમણે કોંગ્રેસને રામ રામ કરી પુત્ર જયેશ સાથે ભાજપનું શરણું સ્વીકાર્યું હતું. એમનો આ શરતી પ્રવેશ ભાજપને ફળ્યો છે. લેઉવા પાટીદાર સમાજ પર જબરદસ્ત પકડ ધરાવતા આ સહકારી અગ્રણીએ પક્ષપલટે કર્યા પછી પણ પોતાની લોકસભાની બેઠક ઉપરાંત એ વિસ્તારની બે વિધાનસભાની બેઠકો જિતાડી પોતાનું વજૂદ અને લોકપ્રિયતા યથાવત્ રહ્યાં હોવાની પ્રતીતિ કરાવી છે. ધોરાજીની બેઠક પર ભાજપના નીવડેલા નેતા પ્રવીણ માકડિયા જીતી ગયા છે. કોંગ્રેસે આ ત્રણે ત્રણ બેઠકો પર પોતાના કાબૂ જાળવી રાખવા આકાશ પાતાળ એક કર્યા હોવા છતાં એનો કારમો પરાજય થયો છે. અર્જુન મોઢવાડિયા માટે પાર્ટીમાં મોઢું બતાવવું મુશ્કેલ પડે એવી વસમી પરિસ્થિતિ સરજાવા પામી છે. આ બેઠકો એમના વતનની બેઠકો હતી, અને પોરબંદરની વિધાનસભાની બેઠક તો તેઓ પહેલાંથી હારી ચૂક્યા છે. અર્જુન મોઢવાડિયા જેવી જ નામોશી કોંગ્રેસના કોળી આગેવાન અને સાંસદ સોમાભાઈ ગાંડાભાઈ પટેલને મળી છે. ગત વિધાનસભાની ચૂંટણીમાં હાઈકમાંડના આદેશને માન આપી તેઓ લીંબડીની વિધાનસભાની બેઠક પરથી ચૂંટણી લડ્યા હતા. આ બેઠક જીત્યા છતાં પાર્ટીના આદેશથી એમણે લોકસભાની બેઠક જાળવી રાખતાં અહીં પેટાચૂંટણી કરી પડી હતી. એમની વગનો લાભ ઉઠાવવા પાર્ટીએ એમના સુપુત્રને જ આ બેઠક પર ઉમેદવાર બનાવ્યા હતા છતાં કોંગ્રેસ આ બેઠક જાળવી શકી નથી. આવું જ પૂર્વ પટ્ટીની આદિવાસી જનજાતિની મોરવાહડફ વિધાનસભા બેઠકમાં અને ઉત્તર ગુજરાતના બનાસકાંઠાની લોકસભાની બેઠકમાં બનવા પામ્યું છે. દિવંગત નેતાઓના પરિવારમાં જ ટિકિટ આપી દઈ સહાનુભૂતિ ઓળવી લેવાની કોંગ્રેસની મંશા અધૂરી રહી ગઈ છે. કોંગ્રેસે એનો પરંપરાગત 'હોલ્ડ' ગુમાવી દીધો છે અને પેટાચૂંટણીની તમામ બેઠકો જે અગાઉ કોંગ્રેસના કબજામાં હતી ત્યાં નરેન્દ્ર મોદીનો ભગવો લહેરાયો છે. કોંગ્રેસ માટે આ આવનારા માઠા દિવસોની એંધાણી જ લેખાશે. ભાજપ માટે હરખાવાનું એક વિશેષ કારણ પણ છે: નીતીશકુમારના ઉમેદવાર બિહારની મહારાજગંજની બેઠક પર લાલુપ્રસાદ યાદવના ઉમેદવાર સામે હારી ગયા છે. લાલુના ઉમેદવાર પ્રભુનાથ સિંહ જદ (યુ)માંથી પક્ષપલટો કરીને રાષ્ટ્રીય જનતા દળમાં જોડાયા હતા. નીતીશકુમારની પાર્ટી એના ઉમેદવારને ભાજપનું સ્થાનિક ગઠબંધન મુજબ અપેક્ષિત સમર્થન નહીં મળ્યું હોવાની બુમરાણ મચાવી રહી છે. આમ આડકતરી રીતે સમગ્રપણે નરેન્દ્ર મોદીનો જ હાથ અધ્ધર રહ્યો છે!

# તાલિમ માટે શિક્ષકોને સમયસર હાજર થવા આદેશ પણ વિષય નિષ્ણાત ૪૫ મિનિટ મોડા પડયા

## શિક્ષકોએ સૂત્રોચ્ચાર કરતાં તાલિમ ભવનમાં પોલીસને બોલાવવી પડી

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર સે-૧૨માં આવેલ જીસીઆરટીમાં આજે તાલિમ માટે આવેલા શિક્ષકો અને સંસ્થાના કર્મચારીઓ વચ્ચે થયેલા શાબ્દિક યુદ્ધને શાંત કરવા માટે પોલીસને દરમિયાનગીરી કરવાની ફરજ પડી હતી.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો મુજબ નર્મદા જિલ્લામાંથી તાલિમ માટે બોલાવાયેલ શિક્ષકો ૧૫ મિનિટ મોડા પડતાં મામલો શરૂ થયો હતો અને પછી શિક્ષકોના ટી.એ.ડી.એ.ના બિલને લઈ આ મામલાએ ઉગ્રતા ધારણ કરી હતી.

આ શિક્ષકોને તાલિમ આપવા માટેના વિષય નિષ્ણાત ૪૫ મિનિટ મોડા પડયા હતા તેવી શિક્ષકોની રજુઆત વખતે અપડાઉનમાં મોડું થાય તેવી દલીલ કરવામાં આવતાં શિક્ષકોએ જણાવ્યું હતું કે અમે નર્મદાના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારમાંથી આવીએ છીએ તો મોડું થાય એ સ્વાભાવિક છે.

શિક્ષકો સાથે આ શાબ્દિક યુદ્ધ શિક્ષકોને પુરતી રહેવાની સુવિધા ન હોવાની તેમજ આગળના દિવસે રહેવાની વ્યવસ્થા ન હોવાની રજુઆતો પણ તંત્રના અધિકારીઓએ ધ્યાને ન ધરતાં એક તબક્કે શિક્ષકોએ હો-હા મચાવી સૂત્રોચ્ચાર કર્યા હતાં.

પરિસ્થિતિ વણસતી જણાતાં ઓફિસના જ કર્મચારીએ પોલીસને બોલાવતાં પોલીસે મામલો દરમિયાનગીરી કરી થાળે પાડયો હતો.



બેટ્સમેન ફૂટી ગયો લાગે છે...
ચોથી ઓવરના છેલ્લા બોલે કેચ આપવાનો હતો... અત્યારે નહીં!!!

# ગાંધીનગરમાં વિશ્વ પર્યાવરણ દિને કાર્યશિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૫

ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણીના ભાગરૂપે ગાંધીનગર ખાતે કાર્યશિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યશિબિરનું ઉદ્‌ઘાટન કરતાં અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ કહ્યું કે, વિશ્વ પર્યાવરણ દિનનું થીમ "ર્થ્ઞ્ઁ થૈંદ ર્દીરુફૂ સ્ફૂફુચણૂફૂ ઁચશ્વ જ઼ફુ ભ્શ્વઞ્ઁદરુ" રાખવામાં આવ્યું છે જે આજના આધુનિક પરિપ્રેક્ષ્યમાં ખૂબ જ સાર્થક છે. આપણે અનાજનો બગાડ અટકાવીએ અને લોકોને અન્ન બગાડતા અટકાવવા પ્રેરિત કરીએ તો કુદરતી સંશાધનોનો બગાડ અટકશે અને સમૃદ્ધ પર્યાવરણ જાળવી શકીશું.

રોજબરોજ વપરાતાં અન્ન તથા તેનો કરવામાં આવતો બગાડ વિષે સદ્રષ્ટાંત વાત કરીને મંત્રીશ્રીએ નાગરિકોની સાથોસાથ વિશેષતઃ શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને આ બાબતની સાચી સમજ આપવામાં આવે તેના પર ભાર મુકતાં મંત્રીશ્રીએ આ અંગેનો સંકલ્પ, તેને સાર્થક કરવાના પ્રયાસો તથા તેના પરિણામ વિષે રસપ્રદ માર્ગદર્શન આપ્યું હતું.

વન અને પર્યાવરણ મંત્રી શ્રી ગણપતભાઈ વસાવાએ જરૂર જણાય તેટલો ખોરાક થાળીમાં લેવો અને તેનો બગાડ ન થાય તેવી પરંપરા તો આપણી સંસ્કૃતિમાં જ કહેવામાં આવી છે તેને યાદ રાખવાનો અનુરોધ કરીને ખાદ્યકચરાના નિકાલ માટે પણ યોગ્ય પદ્ધતિઓ અપનાવવા જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, "વિકાસની સાથેસાથે પર્યાવરણની સમતુલા અને પ્રદૂષણની ગંભીર સમસ્યા પડકાર બનીને સામે આવેલ છે તેથી પ્રદૂષણ નિયંત્રણની વિચારધારાથી આગળ વધીને પ્રદૂષણમાંથી મુક્તિ એ જ આપણો મંત્ર હોવો જોઈએ."

વન અને પર્યાવરણ વિભાગના રાજ્ય મંત્રી શ્રી ગોવિંદભાઈ પટેલે આ વર્ષનો વિષયવસ્તુ અન્નના બગાડ અને અન્નના નુકશાન પર કેન્દ્રિત થયેલો છે તેની વિસ્તૃત વિગતો આપીને અનાજની યોગ્ય સાચવણી, અન્ન અને પર્યાવરણની જાળવણી તથા અનાજનો બગાડ અટકે તે માટેના પ્રયત્નો કરવા માર્ગદર્શન આપ્યું હતું.

આ પ્રસંગે પર્યાવરણ તજજ્ઞશ્રી પ્રો. અશોક શાહે કૃષિ, અન્ન અને પર્યાવરણ વિષે તથા પર્યાવરણ મિત્ર શ્રી મહેશ પંડયાએ ફુડ પ્રીન્ટ વિષે ચાવીરૂપ પ્રવચન આપી આધુનિક પરિપ્રેક્ષ્યમાં આ વિષયવસ્તુનું મહત્વ શિબિરાર્થીઓને સમજાવ્યું હતું. મંત્રીશ્રીઓના હસ્તે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના વિવિધ પ્રકાશનોનું લોકાર્પણ તથા કન્સેન્ટ ઓટો રીવ્યુ કરવાની યોજનાનું લોન્ચીંગ કરવામાં આવ્યું હતું.

## સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા અને ઈન્ફોસીટી સ્કૂલ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી

ગાંધીનગર, તા. ૫

સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ગાંધીનગર અને ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજના સંયુક્ત ઉપક્રમે વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે બાલચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. બાલ ચિત્ર સ્પર્ધામાં એ-ગ્રુપમાં મૈત્રી લીમ્બાચિયા, ફનીખાન, પ્રેષા ટોલીયા, બી- ગ્રુપમાં આકાશી જાની, વિની પટેલ, નીલ શાહ, સી- ગ્રુપમાં નીધિ ગોહેલ, સ્નેહા ભુત, આદિત્ય કંસારા, ડી-ગ્રુપમાં પુષ્ટી, ક્રિષ્ના ચૌહાણ, આર્યા ટોલ્યાએ નંબર પ્રાપ્ત કર્યો. જેઓને સ્કુલ બેગ, વોટરબેગ તથા વનવિભાગ દ્વારા પ્રાણીઓના ફોટા, વન્ય સૃષ્ટિ પુસ્તકો અને કીટ આપવામાં આવ્યાં. સ્કૂલ તરફથી નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી. કાર્યક્રમનું સંચાલન જયશ્રી ખેતીયા-લક્ષ્મણ કંસારા, તુષાબેન વ્યાસે કર્યુ. કાર્યક્રમમાં ડૉ. પ્રદિપ ગગલાણી, પ્રો. દલસાણીયા, વન અધિકારીશ્રી હેમંતભાઈ સુથારે પર્યાવરણ વિશે વકતવ્ય આપ્યું. બાળકો અને વાલીઓને પર્યાવરણ જાળવણી વિશે ફિલ્મ બતાવી. વિશ્વ પર્યાવરણ દિવસની ભવ્ય ઉજવણી કરી, પર્યાવરણ બચાવો પ્રતિજ્ઞા સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

# ૬૫૮૯૫ ડિગ્રી એન્જિ. બેઠકો માટે કુલ ૭૦૦૭૪ પ્રવેશ ફોર્મ

અમદાવાદ, તા.૫

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના પરીણામ બાદ એન્જિનીયરીંગ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ઓનલાઈન રજીસ્ટ્રેશનની સમય મર્યાદા પૂર્ણ થઈ ચુકી છે. જેનાં રાજ્યભરની ૬૫૮૯૫ બેઠકો માટે કુલ ૭૦૦૭૪ ફોર્મ ભરાયા હતા. જેમાંથી ૬૮૦૭૪ ફોર્મને માન્ય રાખવામાં આવ્યા છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજ્યમાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું ૯૨.૫૬ ટકા જેટલું ઉચું પરીણામ જાહેર થયું હતું. જેનાં પછી રાજ્યની એન્જિનીયરીંગ કોલેજોમાં પ્રવેશ માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

આજે પૂર્ણ થઈ ચૂકી છે. ઓનલાઈન રજીસ્ટ્રેશનની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પ્રવેશ સમિતી દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ રાજ્યમાં કુલ ડિગ્રી એન્જિનીયરીંગની ૬૫૮૯૫ બેઠકો ઉપલબ્ધ છે. જેમાં પ્રવેશ માટે કુલ ૭૬૧૭૫ વિદ્યાર્થીઓ પ્રવેશ ફોર્મ ખરીદયા હતા. જેમાંથી કુલ ૭૦૦૭૪ વિદ્યાર્થીઓએ એન્જિનીયરીંગ અભ્યાસક્રમમાં પ્રવેશ માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. ૬૮૦૭૪ વિદ્યાર્થીઓ ફોર્મ પ્રવેશ સમિતિ દ્વારા માન્ય રાખવામાં આવ્યા છે. હવે ટુંક સમયમાં આ વિદ્યાર્થીઓને જીટીયુ ખાતે રૂબરૂ બોલાવીને તેમના મેરીટ આધારે ડિગ્રી એન્જિનીયરીંગ કોલેજોનાં પ્રવેશ માટેની કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

# ઉદ્‌ગમ ટ્રસ્ટ દ્વારા બાળ સર્જનાત્મક શિબિર યોજાઈ





ગાંધીનગર, તા. ૫

ઉદ્‌ગમ ચેરીટેબલ ટ્રસ્ટ બાળકોના વિકાસ માટે સતત પ્રયત્નશીલ થઈને કાર્ય કરે છે. ઉદ્‌ગમ સંસ્થાએ બાળકોના સાતત્યપૂર્ણ વિકાસને ધ્યાનમાં રાખીને ઉદ્‌ગમ બાળ સર્જનાત્મક શિબિરનું આયોજન તા. ૩ થી ૫મી જૂન, ૨૦૧૩ સુધી ઉદ્‌ગમ કાર્યાલય ગાંધીનગર ખાતે ઉદ્‌ગમ સંસ્થાના પથદર્શક સુશ્રી આશાબેન સરવૈયાના સતત માર્ગદર્શન હેઠળ તેમજ સુશ્રી શર્મિષ્ઠાબેન દવેના સહકારથી આ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઉદ્‌ગમ બાળ સર્જનાત્મક શિબિર સમય દરમ્યાન બાળ સર્જનશીલતા બહાર આવે એ માટે વિવિધ પ્રવૃત્તિઓનું વિષય નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. મયુરભાઈ જોષીએ ઉદ્‌ગમ બાળ સર્જનાત્મક શિબિરનું મહત્વ અને વિવિધ કાર્યક્રમોની સમજ આપી હતી. શિબિર દરમ્યાન બાળ સર્જનાત્મક રમતગમત, પેપરમાંથી વિવિધ પ્રકારની ટોપીઓ કેવી રીતે બનાવાય તેમજ વોટર કલર દ્વારા કાર્ડ બનાવવાની પ્રેક્ટિકલ સમજ, માટીમાંથી વિવિધ પ્રકારના રમકડા બનાવવાની સમજ તેમજ અંગ્રેજી, ગુજરાતી, હિન્દી અક્ષરો પરથી વિવિધ પ્રકારના ચિત્રો બનાવવાની કલા વગેરે જેવી સર્જનાત્મક પ્રવૃત્તિ સમજ શ્રી હર્ષદભાઈ રાવલ અને શ્રી પારસભાઈએ રસપૂર્વક બાળકોને ગમ્મત સાથે જ્ઞાન પુરૂ પાડ્યું હતું.

૫મી જૂન-૨૦૧૩ શિબિરના અંતિમ દિવસે પર્યાવરણ દિન હોવાથી બાળકોએ પોતાની સર્જનાત્મક અભિવ્યક્તિ દ્વારા પર્યાવરણ બચાવ પર વિવિધ ચિત્રો દોર્યા હતા. અને પર્યાવરણ બચાવ અંગેનો ખ્યાલ જાગૃત કર્યો હતો. સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. મયુરભાઈ જોષીએ બાળકોને પર્યાવરણનું મહત્વ સમજાવતા જણાવ્યું હતું કે આપણે સૌ વૃક્ષારોપણ કરીને વૃક્ષોનું જતન કરીશું અને પ્લાસ્ટીકનો ઉપયોગ નહી કરીએ એવી બાળકોને સમજ આપી હતી. ભાગ લીધેલ શિબિરાર્થી મૌનિલ ઓઝા અને શ્વેતાએ શિબિરના પ્રતિભાઓ આપ્યા હતા. ભાગ લીધેલ બાળકોને સંસ્થા દ્વારા સર્ટીફિકેટ આપવામાં આવ્યા હતા. શિબિરાર્થી રાજ સોલંકીએ સૌનો આભાર માન્યો હતો. સંસ્થાના મેનેજર સંજય પટેલ અને ભુમિબેને સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે પણ ભારે જહેમત ઉઠાવી હતી.

# પહેલા વરસાદના માનમાં આ ભજિયાંનો પ્રોગ્રામ થાય તો મજા પડી જાય... એમાંય જો આ 'જયાફત' બારોબાર બીજાના ઘરે ગોઠવાય તો તો એની મોજ કંઈ ઓર જ હોય છે...!!

### લાલાકાકાએ હાથ ઉપરનો પાટો બતાવી કહ્યું 'પનુભાઇ, પહેલો વરસાદ મન વાગ્યો...'... ને એમની વાત ન સમજાતા અમે અચાનક આવી પડેલા વરસાદથી બધવાઇ જઇએ તેમ મૂંઝાઇ ગયા

## ગુરૂવારની ગપસપ

**- પ્રકાશ લાલા**

આજે જરા ઉલ્ટું થયું...

સવારના પોરમાં લાલાકાકા રાબેતા મુજબ અમારા ઝાંપે આવીને, એમની મજબૂત આદત સે મજબૂર હાઇવોલ્યુમમાં 'પનુભાઇ, ઘરમાં છો કે નહીં યાર...' એવી પીપ... પીપ... વગાડે તે પહેલાં, ઓટલે બેઠેલા અમે જ કહી દીધું : "પધારો, અંકલ... પનુભાઇ હાજર છે!!"

આપણે રસ્તે ચાલ્યા જતા હોઇએ અને કોઇ એંધાણ વિના અચાનક જ વરસાદ તૂટી પડતા આપણે "હવે શું કરવું?" એમ વિચારી કેવા બધવાઇ જઇએ છીએ.. બસ, એમ જ અમારી સામી પીપ.. પીપ... વાગી તે સાંભળી રેડ અંકલ ચમકી ઉઠ્યા... થોડા બધવાઇ ગયા. કદાચ એમને પોતાની હાઇ વોલ્યુમ પીપ... પી... વગાડવાની તક આજે ના મળી તેથી "શૉક" પણ લાગ્યો હોય એવું લાગ્યું!!

ને પછી "તમેય શું પનુભાઇ..." કહેતા એમણે ઝાંપો છોડી, આગળ વધી, ઓટલા આરોહણ કર્યું...

"કાકા, કોઇ વાર ધરખમ બેટ્સમેનને ગુગલી નાખી, આઉટ કરવાની મજા આવે, હોં..."

"હા... હા..." કરતાં લાલાકાકા હસી પડ્યા ને હિંચકે ગોઠવાયા...

"અરે, અંકલ આ શું?" અચાનક અમારૂં ધ્યાન એમના "ઈન્જર્ડ" થયેલા આને કે પાટો બાંધેલા હાથ ઉપર જતાં અમે ચિંતીત સ્વરે પૂછ્યું : "કોઇની જોડે મારામારી થઇ કે શું?"

"ના... પનુભાઇ, ના..."

"તો..? અંકલ, તમે ક્રિકેટ તો રમતા નથી. પણ એના ફિક્સીંગની રમતમાં કોઇની જોડે જામી ગયેલી કે શું?"

"તમેય શું, પનુભાઇ..." અંકલ અકળાયા : "ગમે તેવી કલ્પનાઓ ના કરો અમારી આ ઈજા વિશે..."

"તો પછી આ ઈજા - આ પાટો?" લાલાકાકા મગનું નામ મરી પાડતા ન હતા એટલે વાત જાણવાની અમારી ઈંતેજારી વધતી જતી હતી..

માનવ મનનું આવું જ હોય છે ને? જે વાત છૂપાવાય તેના વિશે જાણવા એ ધમપછાડા કરવા માંડે છે... "આ તો ખાનગી બાબત છે" એમ કહીને કોઇ વાત ટાળે તો તો પછી એના વિશે માહિતી ન મળે - એ વાત શું છે તેથી ખબર ના પડે ત્યાં સુધી આપણું મનમર્કટ ઝંપતુ નથી... એ વાત જાણવાની આતુરતા - ઉત્સુકતા શમે નહીં ત્યાં સુધી નિરાંત થતી નથી... ને માનવ સહજ સ્વભાવની આ નબળાઇનો લાભ લઇને ઘણાં લોકો જાણી જોઇને વાત સહેજ વહેતી મૂકે ને પછી "જવા દો ને હવે... વાતમાં કંઇ દમ નથી.." કહી ચૂપ થઇ જાય.. સામાવાળાને ચટપટી જગાવવા ને એને બેચેન કરી મૂકવાની મજા લેવા માટે જ સ્તો!!

લાલાકાકા પોતાને શું થયું છે તે બોલ્યા નહીં એટલે અમે પુનઃ પ્રશ્ન કર્યો : "કાકા, આ શું વાગ્યું?"

"પનુભાઇ, આ તો મૌસમનો પહેલો વરસાદ મને વાગ્યો..."

"શું?" અંકલની અવળ વાણી અમને સમજાઇ નહીં.

"હા... પનુભાઇ, મૌસમનો પહેલો વરસાદ વાગ્યો... પણ તોયે મને એ વહાલો વહાલો લાગ્યો..." કાકા તો કવિતા કરવા માંડ્યા.

"અંકલ, પદ્યમાં નહીં, ગદ્યમાં કહો તો એકઝેટલી તમને હાથે થયું છે શું?"

"પનુભાઇ, કાલે રાત્રે અચાનક ગાજવીજ અને વીજળીના કડાકા ભડાકા સાથે જોરદાર વરસાદ તૂટી પડેલો કે નહીં?"

"હા..."

"ને આખો દિવસ કેવો બાફ, ઉકળાટ હતો... હતો કે નહીં?"

"હા... પણ લાલાકાકા, એને અને તમારા હાથના પાટાને શો સંબંધ છે?" અમે અકળાઇ ઉઠ્યા.

"છે... પનુભાઇ, એને સીધો સંબંધ છે.." અમારી અકળામણની સામે લાલાકાકાએ સાવ નિરાંતે જવાબ આપ્યો.

કાકા ઝટ ખુલાસો કરતા ન હતા... ત્યાં અમને માનવ મનની બીજી નબળાઇ યાદ આવી. કોઇ વ્યક્તિ કંઇક કહેવા માંગતી હોય પણ ઝટ કહેતી ન હોય ત્યારે જો સામેની વ્યક્તિ પોતાને એ સાંભળવા - જાણવામાં રસ નથી એવું બતાવે તો પછી પેલી કહેનારી વ્યક્તિને પોતાની વાત જણાવવાની ઉતાવળ - અકળામણ થવા લાગતી હોય છે... ઘણીવાર તો પરાણે પકડીને પોતાની વાત સંભળાવ્યા વિના છોડતી નથી!!

અમેય એવું જ કર્યું... "ભલે અંકલ, જે થયું હોય તે... અમારે કંઇ જાણવું નથી. ઓ.કે.!" અમે કહ્યું એટલે રેડઅંકલ બોલ્યા : લાઇનમાં આવી ગયા ને બોલ્યા : "પનુભાઇ, કહું છું ને બધું... એ આખા દિવસના બાફ - ઉકળાટથી હું એવો ત્રાહિમામ પોકારી ગયેલો કે રાત્રે અચાનક આવી પડેલા વરસાદમાં મને ખૂબ જ મ થઇ આવ્યું... ને એમાં ઓટલા ઉપર ન્હાવા જતાં લપસ્યો એમાં હાથે થોડું વાગ્યું... એટલે જ કહું છું કે મૌસમનો પહેલો વરસાદ મને વાગ્યો... પણ ન્હાવાથી જે ઠંડક થઇ એટલે વહાલો વહાલો લાગ્યો..."

"અચ્છા... બહુ વાગ્યું નથી એ સારૂં થયું... પણ લાલાકાકા, તમે આમ નાના છોકરાંઓની માફક "આવ રે વરસાદ... ઘેબરિયો પરસાદ... ઉની ઉની રોટલી ને કારેલાનું શાક..." ગાતા ગાતા વરસાદમાં ન્હાવા દોડી જાય એ તો બહુ કહેવાય, હોં!

"પનુભાઇ, હું વરસાદમાં ફક્ત નહાયો જ હતો... પેલું તમે કહ્યું એવું છોકરાં જેવું કશું ગાયું ન હતું..."

"પણ અંકલ..."

"પનુભાઇ..." અમને વચ્ચે જ અટકાવી લાલાકાકા બોલ્યા : "પનુભાઇ, અત્યારે થાય છે કે કાલે રાત્રે નહાતાં નહાતાં એવું ગાયું હોય તો ઓર મજા પડત... પનુભાઇ, જીવનમાં ઘણીવાર ઉંમર - મોટાઇનાં મ્હોરાં ઉતારીને નાના બની જવાનીય મોજ છે, હોં... આપણે બધા આંચળા કોરાણે મૂકી, જેવા છીએ તેવા કુદરતના શરણે થોડીવાર જતા રહીએ એમાં જે આનંદ મળે છે - જે સુખની અનુભૂતિ થાય છે તે દુનિયાની કોઇ સંપત્તિનું સુખ આપી શકતું નથી..."

"વાત તો તમારી સાવ સાચી છે..."

"બસ ત્યારે... કેવું લાગ્યું મારૂં પ્રવચન, પનુભાઇ?"

"કાકા, તમે આવું સરસ..."

"અલ્યા ભાઇ, આ તો મને વાગ્યું છે એટલે તમે પૂછશો ને પાછા ટકોર કરશો કે કાકા, તમારાથી આવું નાના બાળક જેવું થાય એટલે તમને જવાબ આપવામાં કામ લાગશે એવું વિચારી, અગાઉ ક્યાંક વાંચેલાં વાકયો યાદ કરીને આવ્યો છું..." કહેતા લાલાકાકા ખડખડાટ હસી પડ્યા...

અમારાથી પણ બોલાઇ જવાયું : "વાહ, અંકલ... આપકા ભી જવાબ નહીં!!"

ત્યાં જ હસવાનું રોકી અંકલે ધડાકો કર્યો : "પનુભાઇ, મારી વાતમાં મજા પડી હોય તો..."

"એક કપ ચા હો જાય... એમ જ ને... કાકા, આ તો મળશે જ! આ તો મારો રોજ સવારનો ટેક્ષ છે... એ તો ઉઘરાવવો જ પડે... હું તો એમ કહેતો હતો કે સીઝનના પહેલા વરસાદના માનમાં ચા સાથે ભજિયાં - વડા એવું કંઇક હોય તો ઓર મજા પડે... પડે કે નહીં?"

"આવે જ ... એમાં ય બારોબાર બીજાના ઘરે તો ચા ને ભજિયાં - દાળવડાંની મફતિયાં જયાફતની મિજા તો વધારે જ આવે.. મફતકાકા?"

"શું?"

"કંઇ નહીં... તમારી વાત સાચી છે..." અમે જોરથી બોલ્યા ને પછી ગણગણ્યા : "એટલે કે બધું મફતિયા શોધતા ફરતા મફતિયા લાલાકાકા..."

અમારી વાત સાંભળવાના બદલે ચા-ભજિયાંના સ્વપ્ન જોતા રેડ અંકલે ચલાવ્યું : "તો પછી જલ્દી અંદર વાત પહોંચાડો... પાછું તમારે નકામું ઓફિસ જવાનું મોડું થાય, ખરૂં કે નહીં, પનુભાઇ? મને આપ પાછી સામા માણસની ખૂબ ફિકર રહે હોં... એને ખોટું હેરાન નહીં કરવાનો... ખરૂં ને?"

"હા... પણ કાકા..."

"ફિકર નોટ પનુભાઇ... સમજી ગયો. સવારના પોરમાં ભજિયાંની માથાકૂટ કરાવવાની જરૂર નથી. ભજિયાં બીજા વરસાદ માટે પેન્ડીંગ... આજ તો પહેલાં વરસાદના નામ પર ઘરમાં જે કંઇ નમકીન પડ્યું હશે તે ચાલશે... ભજિયાં માનીને ખાઇ લઇશ... પનુભાઇ, મને એવી કોઇ જીદ પસંદ નથી કે આ જ જોઇએ... ખરૂં ને?"

"હેં... હા... હા..." રેડ અંકલની આટલી સફાઇ બંધ બેશરમી - નફટાઇનો કંઇ જવાબ આપવાનો અર્થ જ ન હતો. એટલે અમે મૌન થઇ શ્રીમતીજીને જરૂરી સૂચના આપવાં અંદર સીધાવ્યા...

અમે પાછાં ફર્યા એટલે છાપામાંથી ડોકું બહાર કાઢી અંકલ ઉવાચ : "પનુભાઇ, પહેલો વરસાદ થતાં જ માટીની ભીની ભીની મહેક મનને તરબતર કરી દે છે... વરસાદમાં સ્નાન કરીને ચોખ્ખાં - તાજામાજા નવપલ્લવિત થયેલાં વૃક્ષોની શોભા કંઇ ઓર જ હોય છે..."

"લાલાકાકા..."

"આવું છાપામાં એક લેખમાં લખ્યું છે તે તમારા લાભાર્થે બોલી ગયો..."

ને ત્યાં જ અંકલના લાભાર્થે ચા-નાસ્તાની પ્લેટ લઇ અમારાં શ્રીમતીજી પ્રવેશ્યાં એટલે પછી બધું ભૂલી અંકલ એમાં પ્રવૃત્ત થયા ને અમે વધુ 'બોર' થવામાંથી બચી ગયા...

## ઉમા સંસ્કાર તીર્થ ચંદ્રાલાનું ગૌરવ

ગાંધીનગર, તા.૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવાયેલી ધો-૧૨ની પરીક્ષામાં ચંદ્રાલા શિક્ષણ સંકુલની ઉમા સંસ્કાર તીર્થ શાળાની દિપલ બા રતનસિંહ ઝાલાએ ૯૯.૯ પર્સેન્ટાઈલ રેન્ક સાથે ૮૧.૫૭ ટકા મેળવી શાળામાં પ્રથમ ક્રમ મેળવ્યો છે.

શાળાના આર્ટસ વિભાગનું ધો-૧૨નું ૧૦૦ ટકા પરિણામ આવ્યું છે. સંસ્થાના ટ્રસ્ટી મનુભાઈ પટેલ અને શાળા પરીવારે દિપલબા ઝાલાને અભિનંદન પાઠવ્યા છે.

## ગાંધીનગરની તેજસ્વી વિદ્યાર્થીની બતુલ વોરા

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરના સેકટર-૨૩માં આવેલી કડી સર્વ વિદ્યાલય સંચાલિત એમ.બી. પટેલ અંગ્રેજી માધ્યમની શાળાની વિદ્યાર્થીની બતુલ સબ્બીરભાઈ વોરાએ ધોરણ-૧૨ની બોર્ડની પરીક્ષામાં ૯૯.૦૪ પર્સન્ટાઈલ સાથે ૮૨.૫૫ ટકા મેળવી ગાંધીનગરમાં પ્રથમ નંબર મેળવ્યો છે. શાળાની આ તેજસ્વી વિદ્યાર્થીનીએ સ્ટેટમાં ૧૦૦માંથી ૯૭, એકાઉન્ટમાં ૮૯ અને ઓર્ગેનિક ઓફ કોમર્સમાં ૮૭ માર્કસ મેળવ્યા છે.

## કેનાલના આપઘાત અટકાવવા પોલીસનું મિશન 'જિંદગી હેલ્પલાઈન'

### સ્યુસાઈડ પોઈન્ટ કેનાલ પાસે મોટા હોર્ડીંગ્સ લગાવાશે : બે મનોચિકિત્સકોના લખેલા નંબર પર કૉલ કરશે તો આપઘાત કરનાર વ્યકિતનું કાઉન્સીલીંગ કરીને પાછો વાળી દેવાશે

ગાંધીનગર, તા.૪

નર્મદા કેનાલમાં આપઘાતના બનાવોમાં દિનપ્રતિદિન ચિંતાજનક વધારો થઈ રહ્યો છે ત્યારે આપઘાત કરવા કેનાલ સુધી પહોંચી ગયેલા વ્યકિતઓનું કાઉન્સીલીગ કરીને તેને આપઘાતનો રસ્તો છોડી જીંદગીના મુલ્ય વિશે સમજાવાશે. કેનાલ બહાર હોર્ડીંગ્સ લગાવીને મિશન 'જિંદગી હેલ્પલાઈન' શરુ કરવામાં આવશે. આ હોર્ડીંગ્સમાં બે મનોચિકીત્સકોના મોબાઈલ નંબર હશે જે કોલ કરનાર વ્યકિતનો નિર્ણય તોડીને કાઉન્સીલીંગ કરી નવો રાહ ચિંધશે...!

ગાંધીનગર જિલ્લા વિસ્તારમાંથી પસાર થતી નર્મદા કેનાલમાં ઝંપલાવીને આપઘાત કરવાના કિસ્સાઓ દર એકાદ-બે દિવસે પોલીસ ચોપડે નોંધાય છે. આ બનાવોને નિયંત્રીત કરવા માટે જિલ્લા પોલીસે એક મિશન શરુ કરવાનો નિર્ણય લીધો છે. 'જીંદગી હેલ્પલાઈન' શિર્ષકના આ મિશન હેઠળ આપઘાત કરવા કેનાલ સુધી આવી પહોંચેલી વ્યકિતનું કાઉન્સીલીંગ કરીને જીવવાની આશાઓ પુરવાનું કામ કરવામાં આવશે. કેનાલના બ્રીજ પર મોટા મોટા હોર્ડીંગ્સ લગાડવામાં આવશે જેમાં અમદાવાદના બે મનોચિકિત્સકોના નંબર લખવામાં આવ્યા હશે જે નંબર પર કૉલ કરવામાં આવશે તે વ્યકિતને અમુલ્ય જિંદગી જીવવાનું કહી તેના દુખોનું સમાધાન કરવાના રસ્તાઓ બતાડવામાં આવશે. પોલીસના આ પ્રયોગ દ્વારા ૧૦માંથી માત્ર બે વ્યકિત પણ કોલ કરીને પોતાની જ જિંદગી બચાવશે અને પોલીસને જિંદગી બચાવવામાં સફળતા મળશે તો પણ મિશન 'જિંદગી હેલ્પલાઈન'નું એક એચીવમેન્ટ ગણાશે.

## સામાન્ય પ્રવાહ : ગ્રેડ વાર રિઝલ્ટનું ચિત્ર...

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૩માં લેવામાં આવેલી ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ આજે જાહેર કરવામાં આવ્યું હતું. સામાન્ય પ્રવાહમાં ૫૧૭૪૦૦ વિદ્યાર્થી નોંધાયા હતા જે પૈકી ૫૧૨૯૧૧ વિદ્યાર્થી ઉપસ્થિત રહ્યા હતા. સામાન્ય પ્રવાહમાં જુદા જુદા ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓની ટકાવારી નીચે મુજબ છે.

| | |
|---|---|
| નોંધાયેલ વિદ્યાર્થી | ૫૧૭૪૦૦ |
| ઉપસ્થિત વિદ્યાર્થી | ૫૧૨૯૧૧ |
| એ વન ગ્રેડ | ૯૧ |
| એ ટુ ગ્રેડ | ૬૪૯૩ |
| બી વન ગ્રેડ | ૪૭૪૫૮ |
| બી ટુ ગ્રેડ | ૧૦૫૧૪૭ |
| સી વન ગ્રેડ | ૧૦૬૭૯૧ |
| સી ટુ ગ્રેડ | ૪૫૪૮૧ |
| ડી ગ્રેડ | ૨૯૨૫૨ |
| ઈ વન અને ઈ ટુ | ૧૭૨૧૯૮ |
| ટકાવારી | ૬૬.૪૩ |

## વ્યવસાયલક્ષી પ્રવાહમાં ગ્રેડ વાર પરિણામ.......

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૩માં લેવામાં આવેલી ધોરણ ૧૨ વ્યવસાયલક્ષીનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું જે ૭૪.૦૩ ટકા રહ્યું છે. વ્યવસાયલક્ષી પ્રવાહમાં ૨૨૭૪ વિદ્યાર્થી નોંધાયા હતા જે પૈકી ૨૨૬૫ વિદ્યાર્થી ઉપસ્થિત રહ્યા હતા. વ્યવસાયલક્ષી પ્રવાહમાં જુદા જુદા ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓની ટકાવારી નીચે મુજબ છે.

| | |
|---|---|
| નોંધાયેલ વિદ્યાર્થી | ૨૨૭૪ |
| ઉપસ્થિત વિદ્યાર્થી | ૨૨૬૫ |
| એ વન ગ્રેડ | ૧ |
| એ ટુ ગ્રેડ | ૪૬ |
| બી વન ગ્રેડ | ૩૬૫ |
| બી ટુ ગ્રેડ | ૬૦૪ |
| સી વન ગ્રેડ | ૪૯૨ |
| સી ટુ ગ્રેડ | ૧૧૭ |
| ડી ગ્રેડ | ૫૧ |
| ઈ વન અને ઈ ટુ | ૫૮૯ |
| ટકાવારી | ૭૪.૦૩ |

## દહેગામના સાંપા ગામના યુવાનનો શંકાસ્પદ મૃતદેહ મળતા ચકચાર

દહેગામ, તા.૪

દહેગમ તાલુકાના સાંપા અને મોસમપુરા ગામની વચ્ચે તળાવથી થોડે દૂર સાંપા ગામના યુવકનો વહેલી સવારે મૃતદેહ મળી આવતા ભારે ચકચાર મચી જવા પામી હતી. દહેગામ પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર દહેગામ તાલુકાના સાંપા ગામના મૂળ રહેવાસી અને હાલમાં બંસીની ચાલી નરોડા રોડ અમદાવાદ ખાતે રહેતા અમૃતભાઈ બાબુભાઈ મેસરીયા ગત રોજ પોતાના મૂળ વતન સાંપા ગામ ખાતે કોઈ કામ અર્થે આવ્યા હતા. જેમનો મૃતદેહ વહેલી સવારે સાંપા અને મોસમપુરા ગામની વચ્ચે આવેલા તળાવથી આશરે ૨૫ થી ૩૦ ફૂટના અંતરે મૃતદેહ પડયો હતો. આસપાસના રહીશો વહેલી સવારે કામકાજ અર્થે બહાર નિકળતા આ મૃતદેહ નજરે પડતા વાયુવેગે ચર્ચા વહેતી થઈ ગઈ હતી. આ શંકાસ્પદ મોત અંગે પરીવારજનો ભારે ચિંતિત બન્યા હતા. શંકાસ્પદ હાલતમાં મળી આવેલ મૃતદેહને દહેગામ આરોગ્ય કેન્દ્રમાં પોસ્ટ મોર્ટમ માટે મોકલી આપ્યો હતો. દહેગામ પોલીસે આ મૃત્યુ અંગે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## બે વર્ષથી નાસતો ફરતો રીઢો કેબલ ચોર ઝડપાઈ ગયો

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેર તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં બોરકુવા પાસેથી કેબલ વાયરની ચોરી કરીને ભંગારમાં વેચી દેતા કેબલ ચોરની ટોળકી વર્ષ ૨૦૧૧માં ઝડપાઈ હતી આ કેબલ ચોરીના ગુનામાં કલોલ તાલુકાના મુબારકપુર ગામના જયેશ જથુભાઈ નામના શખ્સનું પણ નામ ખુલવા પામ્યું હતું. બે વર્ષથી આ કેબલ ચોર શખ્સ નાસતો ફરતો હતો. દરમિયાન આજે સેકટર-૭ પોલીસને બાતમી મળતાં વોચ ગોઠવીને પોલીસે વોન્ટેડ આરોપીને ઝડપી પાડીને તેની ધરપકડ કરી લીધી છે અને સઘન પુચપરછ શરુ કરી છે. આ શખ્સ અગાઉ પણ ઘણા ગુનાઓ કરી ચુકયો હોવાનું બહાર આવ્યું છે.

## સ્વર્ણિમ ગુજરાત સ્પોટર્સ યુનિવર્સિટી ખાતે રમતગમત અને શારીરિક શિક્ષણના અભ્યાસના ક્ષેત્રમાં રહેલ ઉજ્જવળ તકો

રમતગમત ક્ષેત્રમાં ગુજરાતના ઉજ્જવળ ભાવિ માટે ગુજરાત સરકાર દ્વારા સ્વર્ણિમ ગુજરાત સ્પોટર્સ યુનિવર્સિટીની સ્થાપના દ્વારા એક મહત્વનું કદમ ઉઠાવવામાં આવ્યું છે. વર્તમાન સમયમાં અન્ય દેશો સાથે સ્પર્ધામાં ટકી રહેવા ગુજરાત સરકાર રાજયમાં રમતગમતની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપી રહી છે. સરકારના આવા પ્રયત્નોથી ગુજરાત રાજયમાં રમત-ગમતના ક્ષેત્રમાં યુવાનો માટે રહેલી અસંખ્ય તકો માટેના દ્વાર ખુલ્યા છે.

આ ફિલ્ડનો સૌથી મોટો ફાયદો એ છે કે રમત-ગમતના ક્ષેત્રમાં ઉત્તમ કારકિર્દી ઘડવા માટેની પણ અસંખ્ય તકો રહેલી છે. સ્વર્ણિમ ગુજરાત સ્પોટર્સ યુનિવર્સિટીમાં યુવાનો માટે ઉચ્ચ કારકિર્દીલક્ષી અનેક અભ્યાસક્રમો શરૂ કરવામાં આવનાર છે. અત્યાર સુધી રમત-ગમતની પ્રવૃત્તિઓ તથા શારીરિક શિક્ષણની પ્રવૃત્તિઓ શાળા સ્તરે અને કોલેજ સ્તરે જ સામાન્ય રીતે યોજાતી હતી. જેના કારણે સ્પોટર્સ કોચીસ અને શારીરિક શિક્ષણ વિષયના સ્નાતકો માટે રોજગારીની તકો ઘટી ગઈ હતી. પરંતુ હવે પબ્લીંક સેકટર્સ ઉપરાંત પ્રાઈવેટ સેકટર્સમાં પણ આ ફિલ્ડમાં રોજગારી અને કારકિર્દીની અનેક તકો ઉભી થઈ છે.

આધુનિક સમયમાં શિક્ષણના ક્ષેત્રમાં જ્યારે ઈન્ટરનેશનલ ડે સ્કુલ્સ અસ્તિત્વમાં આવી છે ત્યારે તેમાં રમત-ગમત અને શારીરિક શિક્ષણના સ્પોટર્સ કો-ઓર્ડિનેટર માટેની માંગ ઉભી થઈ છે. ઉપરાંત આધુનિક સમયમાં રીક્રીએશન કલબો, ફાઈવ સ્ટાર હોટેલ્સ, મોર્ડન ટાઉનશીપ, મનોરંજન માટેના પાર્ક કોર્પોરેટ સોસાયટી તથા ઉત્કૃષ્ટ કક્ષાની વર્લ્ડ કલાસ ફેસીલીટી ધરાવતી બિલ્ડીંગમાં પણ સ્પોર્ટીંગ ફેસીલીટી હાલમાં વિકસાવવામાં આવી રહી છે. તેમાં પણ સ્પોર્ટસ કો ઓર્ડિનેટર, સ્વિમીંગ પુલ એટેન્ડન્ટ, જીમ કોચ, રીક્રીએશન મેનેજર તરીકેની નોકરીની ઉજવળ તકો રહેલી છે.

હાલમાં ભારતના યુવાનો માટે એડવેન્ચર સ્પોર્ટસ અને સ્પોર્ટસ ટુરિઝમ બંને ક્ષેત્રોમાં વિશાળ તકો રહેલી છે. એડવેન્ચર એકટીવીટીઝ તથા આંતર રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધા આયોજનમાં તજજ્ઞ તરીકે ભૂમિકા ભજવવા આ ક્ષેત્રોના તજજ્ઞો તૈયાર કરવા સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીના માધ્યમથી પી.જી. ડિપ્લોમા ઈન સ્પોર્ટસ ટુરિઝમ અને પી.જી ડિપ્લોમા ઈન એડવેન્ચર સ્પોર્ટસ એડમીનીસ્ટ્રેશન જેવા અભ્યાસક્રમો પણ શરૂ કરવામાં આવનાર છે, હાલ એડવેન્ચર સ્પોર્ટસ, સ્પોર્ટસ ટુરિઝમનું ક્ષેત્ર રમત-ગમતની પ્રવૃત્તિ અને રમતનું જ્ઞાન નહિં ધરાવતા લોકો પાસે છે. જેને કારણે ઉત્કૃષ્ટકક્ષાના કાર્યક્રમો તથા તાલીમનું આયોજન થઈ શકતું નથી. આ ક્ષેત્રે અનુસ્નાતક સ્તરના અભ્યાસક્રમોનું પણ ભવિષ્યમાં સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીમાં આયોજન કરવામાં આવશે.

તદ્ઉપરાંત સ્પોર્ટસ ઈવેન્ટ મેનેજમેન્ટના ક્ષેત્રમાં પણ વિશાળ તકો રહેલી છે. એપ્લાઈડ સ્પોર્ટસ સાયન્સના ક્ષેત્રમાં જે વિવિધ તકો રહેલી છે તેમાં સ્પોર્ટસ મેનેજમેન્ટ, સ્પોર્ટસ જર્નાલીઝમ, સ્પોર્ટસ લૉ, સ્પોર્ટસ ટુરિઝમ, સ્પોર્ટસ મસાજ અને એકસસાઈઝ થેરાપી તથા ફીટનેશ ઈન્ડસ્ટ્રીમાં અનેકવિધ તકો પડેલી છે અને આ ક્ષેત્રે યોગ્ય તજજ્ઞોની મોટી અછત છે. આ અછતને પહોંચી વળવા શારીરિક શિક્ષણ ક્ષેત્રે થનાર સ્નાતકો માટે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીના નેજા હેઠળ શરૂ થનાર ફેકલ્ટી ઓફ એપ્લાઈડ સ્પોર્ટસ સાયન્સમાં શરૂ થનાર વિવિધ ડિપાર્ટમેન્ટ જેવા કે સ્પોર્ટસ ફીઝીઓથેરાપી, સ્પોર્ટસ મેનેજમેન્ટ, એડવેન્ચર સ્પોર્ટસ મેનેજમેન્ટ, સ્પોર્ટસ મેડીસીન, સ્પોર્ટસ ટુરિઝમ અને સ્પોર્ટસ જર્નાલીઝમ જેવા ડીપાર્ટમેન્ટમાં વિવિધ પ્રકારના અભ્યાસક્રમો શરૂ થનાર છે. ગુજરાતમાં તથા ભારતભરમાં તેની ખૂબ મોટી માંગ ઉભી થયેલ છે. જેને પહોંચી વળવા સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી આંતરરાષ્ટ્રીય સ્તરની યુનિવર્સિટીઓ સાથે પાર્ટનરશીપ કરી ભારતમાં નહીં પરંતુ વિદેશમાં પણ નોકરીની ઉજળી તકો થાય તે પ્રકારના પ્રયત્નો કરવામાં આવનાર છે.